# પેટ્રોડૉલર ડગમગી રહ્યો છે, નવી સ્થિતિ આધિપત્ય ઘટશે!

મોટરકારો અને મોટરકાર ઉદ્યોગ એ અમેરિકાએ જગતને આપેલી ભેટ છે. થોડો ફાળો જર્મનીનો પણ ખરો. છતાં અમેરિકાની વાહન લોબી એક સમયે ખૂબ પાવરફૂલ હતી. મોટરગાડીઓ તો જ વેચાય અને તો જ જલ્દી બગડે અને નવી લેવી પડે જો લોકો ગાડીઓ ખરીદે અને દોડાવતાં રહે. પરંતુ અમેરિકા પાસે પોતાનું તેન ઈંધણ પૂરતી માત્રામાં ન હતું. છતાં વર્તમાન ઈરાન યુદ્ધ 28 ફેબ્રુઆરી, 2026ના શરૂ થયું તે અગાઉ યુએસએમાં પેટ્રોલની કિંમત એક ગેલનના લગભગ ત્રણ ડૉલર હતી. એક ગેલન લગભગ પોણા ચાર લિટર થાય. (3.785 લિટર) ત્રણ ડૉલરના લગભગ 285 રૂપિયા ગણો તો ભારત કરતા પણ અમેરિકામાં તેલ સસ્તું હતું. જો કે આજે અમેરિકામાં ભાવ વધી ગયા છે અને ગેલનના લગભગ સાડા ચાર ડૉલર થયા છે. પરંતુ તે અગાઉ આટલું સસ્તું કેમ હતું? અને દસ-વીસ વરસ પહેલા એટલું સસ્તું હતું કે લગભગ મોટા ભાગના અમેરિકનોને વ્યક્તિ દીઠ કમસે કમ એક કાર રાખવાનું પરવડતું હતું. અમેરિકામાં મોટરકારો એટલી આમ બની ગઈ જેટલી આપણે ત્યાં સાઈકલો ન હતી.

મોટરાકોર માટે તેલ શા માટે સસ્તું હતું? તો 1970ના દશકમાં અમેરિકા અને મધ્યપૂર્વના અખાતના દેશો વચ્ચે સમજૂતીઓ સાધવામાં આવી હતી. તેના થકી અમેરિકાને બે ફાયદા થયા હતા. એક તો દુનિયાના અર્થતંત્રો પર ડૉલરના ચલણનો પ્રભાવ જળવાઈ રહે, વધુ મજબૂત બને અને અમેરિકન પ્રજાને સસ્તામાં ઓઈલ મળે. મોટરકાર ઉદ્યોગ વધુ અને વધુ મોટો બને. અમેરિકન પ્રજાને પણ તેઓ જગતમાં સૌથી સુખી અને એડવાન્સ્ડ્ છે તેવો ગર્વ જાગે.

ગલ્ફના દેશો સાથે સમજૂતીઓ અને તેલ ખરીદવાના કરારો કરી અમેરિકાએ ‘પેટ્રોડૉલર’ની એક નવી સિસ્ટમ વિકસાવી. આ સમજૂતી અનુસાર અમેરિકાએ ગલ્ફના તેલ ઉત્પાદક દેશોની બહારનાં કે અંદરના આક્રમણો સામે રક્ષણ આપવાનું અને બદલામાં તેલ ઉત્પાદક દેશોએ પેટ્રોલ અને પેટ્રોલિયમ પ્રોડક્ટ્સની કિંમતો અથવા ભાવ ડૉલરના ચલણમાં નક્કી કરવા અને રાખવા એવું નક્કી ખયું હતું. આ ઉપરાંત ગલ્ફના દેશોને જે પેટ્રોડૉલરની જંગી આવક થાય અને તેમાંથી જે બચે તે અમેરિકાના ટ્રેઝરી બોન્ડસ જેવી અસ્કયામતોમાં ગલ્ફ દેશોએ રોકવા તે સમજૂતી પણ થઈ.

પરંતુ હવે ઈરાન યુદ્ધ બાદ એ સમજૂતી તૂટતી જણાઈ રહી છે. બીજી તરફ અમેરિકામાં પણ શેલ ટેકનોલોજી વડે સરપ્લસ રહે એટલું તેલ મળ્યું છે. અમેરિકાને તેલની આયાત કરવાની જરૂર નથી.

ઈરાન યુદ્ધ અને બીજી ઘટનાઓ બાદ સ્થિતિ એવી પેદા થઈ છે કે જૂની સમજૂતીઓનો પરિચ્છેદ આપોઆપ ઊડી જાય છે. સાઉદી અરેબિયા એક સમયે અમેરિકાને જે માત્રામાં તેલ આપતું હતું તેના કરતાં ચાર ગણું આજે ચીનને સપ્લાય કરે છે. ઈરાનના તેલની કિંમત ચીની ચલણ યુઆન અર્થાત રેનમીનબી વડે કરવાની વાત ચાલી રહી છે. ભારત પણ રશિયાને રૂબલ અથવા વૈકલ્પિક ચીજ વસ્તુઓ પૂરી પાડીને ખરીદતું થયું છે. ચીન હવે સાઉદી અરેબિયા, યુએઈ અને અન્ય દેશોને તેલના બદલામાં ડૉલરને બદલે યુઆન ચૂકવે તો ડૉલરનું આધિપત્ય જોખમાઈ જાય. આજે ચીન દુનિયાની લગભગ તમામ પ્રકારની ચીજો બનાવે છે. છેલ્લા એક અહેવાલ પ્રમાણે દુનિયામાં જે વેપારી દરિયાઈ જહાજો બને છે તેના 98 ટકા હવે ચીનમાં બને છે. યુકે, નેધરલેન્ડસ, નોર્વે વગેરેની મોનોપોલી માત્ર તોડી નથી, ત્યાંનો ઉદ્યોગ ખતમ કરી નાખ્યો છે. બીજા દેશો પાસે યુઆન હોય તો કોઈપણ ચીજ ચીન પાસેથી ખરીદે અને સસ્તી પડે. અમેરિકા એવી ચીજો બનાવે છે જે ખૂબ મોંઘી હોય અને માત્ર શ્રીમંત દેશોને જ પોસાય. એ ઉપરાંત ચીન પાસેથી ખરીદી કરવા વચ્ચે ડૉલરને લાવવાની શી જરૂર? રૂપિયામાં ખરીદી કરવી હોય તો પણ વાયા ડૉલર ચૂકવીને થાય. આ ડૉલરો માટે કારણ વગર કમિશન ચૂકવવું પડે અને આખરે ચીજ વસ્તુ મોંઘી પડે.

અમેરિકન મિડિયા કહે છે કે ઈરાની રીંછના સંકજામાં ફસાઈ ગયા છે તેમાંથી બહાર નિકળવા માટે ડોનાલ્ડ ટ્રમ્પ ચીન પહોંચ્યા છે. આ બધાં ચિત્રો અને દશ્યો




**મોટરકારો માટે તેલ શા માટે સસ્તું હતું? તો 1970ના દશકમાં અમેરિકા અને મધ્યપૂર્વના અખાતના દેશો વચ્ચે સમજૂતીઓ સાધવામાં આવી હતી. તેના થકી અમેરિકાને બે ફાયદા થયા હતા**

અમેરિકાને દુનિયાની નજરમાં નબળું ચીતરે છે. ઠાવકા ચીનનો હાથ ઉપર રહે છે. જે ચીનને અમેરિકાનું પ્રથમ ક્રમનું દુશ્મન ટ્રમ્પ ગણાવતા આવ્યા એ ચીન જઈને શાણી વાતો કરવા લાગ્યા. ચીને પણ તેમાં તાલ પુરાવ્યો કે યુદ્ધથી કોઈ સમસ્યાનો ઊકેલ આવતો નથી, કોઈનું ભલું થતું નથી એવા દાદીમાં શીખવાડે તેવા વાક્યોનું પુનરાવર્તન કર્યું. ટ્રમ્પ બોલ્યા કે શિ ઝિનપિંગ જેવા મિત્ર મળ્યા એ ટ્રમ્પનું સદભાગ્ય છે ખેર! પરંતુ ચીનના યુઆન સામે ડૉલરની શી ગતિ થશે?

દુનિયાભરમાં ડૉલર સામેનો કચવાટ વધતો જાય છે. ચીને હમણાં જ ચીનની મોટી પાંચ રિફાઈનરીઓને ભલામણ (હૂકમ કહો) આપી છે કે ઈરાનના તેલ પર અમેરિકાએ જે પ્રતિબંધો લગાવ્યા છે તેને મહત્ત્વ કે માન આપવાની જરૂર નથી. તમ તમારે ઈરાની તેલ

**કબીરા ખડા બજાર મેં**
**વિન્સી મરચન્ટ**

પણ રિફાઈન કરો. ચીન દ્વારા આવી અનેક ઝાંખીઓ અમેરિકાને બતાવવામાં આવી રહી છે. જેમાં ડૉલરનું ખાસ મહત્ત્વ કે ભૂમિકા રહેતા નથી.

અગાઉ પણ આવી ચેતવણીઓ અપાઈ હતી, જે નિરર્થક પુરવાર થઈ છે. ડૉલર આજે દુનિયાની રિઝર્વ કરન્સી છે અને કોઈ પણ કરન્સી રિઝર્વ બની શકે તે માટે ત્રણ પરિમાણો જરૂરી છે. એક, તે સ્થિર અર્થાત સ્ટેબલ હોવી જોઈએ, બે મોટી પ્રવાહી માર્કેતો સાથે તે જોડાયેલી હોવી જોઈએ, અને ત્રણ, કાયદાના અનુશાસન મુજબ તેનો વહીવટ થતો હોવો જોઈએ. જે ત્રીજું પરિમાણ છે તેની પૂર્તિ ચીનના યુઆનમાં થતી નથી. અર્થાત ચીનના યુઆન સાથે વૈશ્વિક નાણાંકીય કાયદાનું ઘરઆંગણે જ પીઠબળ નથી. યુરોને રિઝર્વ કરન્સી તરીકે દુનિયા અપનાવવા માગતી હોય તો તે પરિમાણ ક્રમાંક બેની રીતે ઓછી અથવા નબળી પુરવાર થાય છે. વિશ્વમાં એનું એટલું ચલણ નથી. વળી યુરોપની બોન્ડ માર્કેટ અલગ અલગ દેશોની સરકારોમાં વિખરાયેલી છે. સજ્જડ અને મજબૂત ગણાય એવી એક જ માર્કેટ નથી. ઈલિઝાબેથના કહેવા પ્રમાણે ડૉલર માર્કેટ્સનું જે ઊંડાણ છે, તેના વહીવટમાં સરળતા છે, તેને ગમે ત્યાં મુક્તપણે લઈ જઈ શકાય છે, વટાવી શકાય છે અને યોગ્ય કિંમત મળે છે એ જ એનું ખરું મૂલ્ય અને મહત્ત્વ સમજાવે છે. 1920 અને તે અગાઉ જગતના ચલણમાં પાઉન્ડ સ્ટર્લિંગની બોલબોલા હતી. 1920 બાદ તેનો પ્રભાવ ઘટે તે માટે 1920થી બીજું વિશ્વયુદ્ધ પૂરું થયું ત્યાં સુધીનો 1945 સુધીનો સમય લાગ્યો. પચાસના દશકમાં ડૉલર મજબૂત થવાની શરૂઆત થઈ. ડોનાલ્ડ ટ્રમ્પ સત્તા પર આવ્યા તે અગાઉ ડૉલરનો પ્રભાવ હળવો થવાની શરૂઆત થઈ હતી. વરસ 2015 વૈશ્વિક નાણાં વ્યવસ્થામાં ડૉલર માટે શ્રેષ્ઠ અને શિખરનું વરસ રહ્યું હતું. ત્યારબાદ જોર ઓસરતું થયું છે. તે માટેનું પ્રમુખ કારણ અમેરિકા દ્વારા આર્થિક પ્રતિબંધોનું હથિયાર જરૂર કરતા વધુ પ્રમાણમાં ચલાવવામાં આવે છે તે છે. તેના કારણે રશિયા, ચીન અને યુરોપના દેશોને વૈકલ્પિક વ્યવસ્થાઓ શરૂ કરવાની ફરજ પડી છે. વૈશ્વિક ચૂકવણા માટે તેઓ કોઈક ઉપાય તો કરવાના જ. ઈરાને ભલે પ્રતિબંધોને કારણે નુકશાન સહન કરવું પડ્યું પણ તાબે ન થવું તે ન જ થયું. આ સ્થિતિએ ભલે સુક્ષ્મ તો સૂક્ષ્મ ઘસરકો અમેરિકી ડૉલરને આપ્યો છે. પોતાની રીતે અમેરિકાની અસરમાંથી મુક્ત થઈને આગળ વધવાની પ્રેરણા બીજા રાષ્ટ્રોને આપી છે. ટ્રમ્પની ટેરીક નીતિએ પણ ડૉલરની જાળમાંથી બહાર નીકળવા દુનિયાના દેશોને પ્રેર્યા છે. છતાં ડૉલર હજી ઘણો તંદુરસ્ત છે. વૈશ્વિક વ્યવહારોમાંથી 80 ટકા આજે ડૉલરમાં થાય છે. પરંતુ નિષ્ણાતોની આઝાદી છે કે દસેક વરસ બાદ દુનિયાના વહેવારોમાં યુરોનો હિસ્સો વીસ ટકા અને ચીનનો ત્રીસ ટકા હશે. ડૉલરનો પ્રભાવ ચાલીસ ટકા રહેશે.

## પ્રિયંકા ગાંધીનો દાવ: વેણુગોપાલને હટાવી સતીશનને કેમ મળી પસંદગી?



રાહુલ ગાંધીના નજીકના સાથી કે સી વેણુગોપાલને પહેલી વાર ખબર પડી કે તેઓ હવે કેરળના મુખ્યમંત્રી પદ માટે સૌથી આગળના દાવેદાર નથી. પાર્ટીએ વી.ડી. સતીશનના નામની સત્તાવાર જાહેરાત કરી તેના એક દિવસ પહેલા બુધવારે બપોરે. વેણુગોપાલની તરફેણમાં નિર્ણય લેવા માટે તે સાંજે યોજાનારી બેઠક અચાનક રદ કરવામાં આવી હતી અને તેમને કોંગ્રેસ પ્રમુખ મલિકાર્જુન ખડગેના નિવાસસ્થાને ન આવવાનું કહેવામાં આવ્યું હતું. દેખીતી રીતે, પ્રિયંકા ગાંધી, જે કેરળના વાયનાડથી સાંસદ છે, રાહુલ ગાંધીને સતીશનને પસંદ કરવા માટે મનાવી લીધા હતા, સતીશન છેલ્લા પાંચ વર્ષથી વિધાનસભામાં વિરોધ પક્ષના નેતા તરીકે રાજ્યમાં પાર્ટીનો ચહેરો છે. પ્રિયંકાને સતીશન સાથે સારો સંબંધ છે અને મુસ્લિમ પ્રભુત્વ ધરાવતા વાયનાડ આગામી અમેઠી બની શકે છે તેવા ચેતવણીજનક પોસ્ટરો લાગ્યા પછી પ્રિયંકા સક્રિય થયાં છે. ગુરુવારે સવારે, વેણુગોપાલને ખડગેના નિવાસસ્થાને બોલાવવામાં આવ્યા અને જાણ કરવામાં આવી કે સતીશન હાઇકમાન્ડની પસંદગી છે. વેણુગોપાલના નજીકના સૂત્રોના જણાવ્યા અનુસાર, કોંગ્રેસના નેતાનું દિલ તૂટી ગયું હતું. તેમણે ખડગે અને રાહુલ ગાંધીને વિનંતી કરી અને કેરળમાં કોંગ્રેસની જીત સુનિશ્ચિત કરવા માટે વેણુગોપાલ કરેલી સખત મહેનત પર ભાર મૂક્યો. આ બેઠક બે કલાક ચાલી કારણ કે

**ઈધર-ઉધરકી**
**આરતી જેરથ**

બંને નેતાઓએ વેણુગોપાલને શાંત કરવાનો પ્રયાસ કર્યો. અંતે, વેણુગોપાલ પાસે કોઇ વિકલ્પ નહોતો. તેમણે હાઇકમાન્ડને કહ્યું કે તેઓ પાર્ટીના નિર્ણયને સ્વીકારશે અને કોંગ્રેસને મજબૂત બનાવવા માટે કામ કરવાનું ચાલુ રાખશે. વધુમાં જણાવવાનું કે કોંગ્રેસના ફક્ત બે મુખ્યમંત્રીઓ, કે. કરુણાકરણ અને ઓમેન ચાંડીએ પાંચ કાર્યકાળ પૂર્ણ કર્યા છે. હરીફ જૂથોના દબાણને કારણે બાકીના આઠ મુખ્યમંત્રીઓએ તેમના કાર્યકાળની વચ્ચે રાજીનામું આપ્યું. જૂથવાદથી પ્રભાવિત કેરળમાં સતીશન માટે મુશ્કેલ કાર્ય છે, ખાસ કરીને કારણ કે ભાજપ, તેના વધેલા મત હિસ્સા અને વિધાનસભામાં ત્રણ બેઠકોથી ઉત્સાહિત છે. જેમાં એક ઝુંબેશ શરૂ કરી દીધી છે જે કોંગ્રેસ તેના IUML સાથી અને જમાતના દબાણ સામે ઝૂકી ગઈ છે.

## તમિલનાડુમાં ‘બિન-દ્રવિડ’ યુગની શરૂઆત અને મુખ્યમંત્રી વિજયનો વિશ્વાસ



દરમિયાન, પડોશી રાજ્ય તમિલનાડુમાં, જ્યારે RSS અને BJPના સમર્થકો નવા શપથ લીધેલા મુખ્યમંત્રી વિજયને ખ્રિસ્તી હોવા બદલ ટ્રોલ કરી રહ્યા છે, ત્યારે મોટા ભાગના નવા મુખ્યમંત્રીના ધર્મ વિશે ઉત્સુકતા અને ઉત્સાહથી ભરેલા છે. એવું લાગે છે કે તેમના નામમાં જોસેફ નામથી તેમણે મુખ્યમંત્રી તરીકે શપથ લીધા તે દિવસે નેટ પર ઘણો સર્ચ ટ્રાફિક આકર્ષ્યો હતો, જેમાં તેમનું પૂરું નામ ચંદ્રશેખર જોસેફ વિજયનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. જે લોકોએ નેટ પર નજીકથી નજર રાખી હતી તેઓએ જોયું કે અભિનેતાએ ચૂંટણી જીતથી રાજકીય વર્તુળોને સ્તબ્ધ કર્યા ત્યારથી ગુગલ સર્ચમાં સૌથી વધુ વધારો થયો છે. કેરળ, ગોવા, નાગાલેન્ડ અને મિઝોરમ જેવા રાજ્યોમાંથી થઈ હતી જ્યાં ખ્રિસ્તીઓની સંખ્યા નોંધપાત્ર છે. જોકે અભિનેતા તેમના ચાહકો માટે ફક્ત વિજય છે, તેમણે ક્યારેય પોતાનો વિશ્વાસ છુપાવ્યો નથી પરંતુ તેમણે તેનો બડાઈ માર્યો નથી. તેઓ તમિલનાડુના બિન-દ્રવિડ પક્ષના પ્રથમ મુખ્યમંત્રી જ નહીં, તેઓ તેના પ્રથમ ખ્રિસ્તી મુખ્યમંત્રી પણ છે.

## યાદવ પરિવારમાં શોક: કોણ હતા પ્રતીક યાદવ?



સપા નેતા અખિલેશ યાદવના 38 વર્ષીય સાવકા ભાઈ પ્રતીક યાદવના મૃત્યુએ ઉત્તર પ્રદેશમાં ભારે હોબાળો મચાવ્યો છે. જોકે તેઓ છેલ્લા કેટલાક વર્ષોથી નિરાશ થઈને પોતાના પહેલા પ્રેમ, જે બોડીબિલ્ડિંગ છે, તેના પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે, એક સમયે તેઓ ભારે વિવાદનો વિષય હતા. જ્યારે કુળના વડા મુલાયમ સિંહ યાદવ જીવતા હતા, ત્યારે પ્રતીકે તેમના રાજકીય વારસદાર અને ઉત્તરાધિકારી હોવાનો દાવો કર્યો હતો. જોકે મુલાયમ સિંહને તેમના નાના પુત્ર માટે વધુ લાગણી હતી, તેઓ એટલા રૂઢિચુસ્ત (અથવા કદાચ ચાલાક) હતા કે તેમણે તેમના મોટા પુત્ર અખિલેશને તેમના ઉત્તરાધિકારી તરીકે પસંદ કર્યા. આનાથી પરિવારમાં ખટાશ ફેલાઈ ગઈ અને મુલાયમ સિંહની બીજી પત્ની અને પ્રતીકની માતા સાધના ગુપ્તાએ ભાજપ સાથે સંબંધો સ્થાપિત કર્યા. 2022 માં તેમની માતાના મૃત્યુ પછી જ પ્રતીક પરિવારમાં પાછા ફર્યા. જ્યારે અખિલેશે યાદવ પરિવારના ગામ સૈફઈની મુલાકાત લીધી હતી, ત્યારે પ્રતીક પણ હાજર હતો અને તેમણે તેમના મોટા ભાઈના પગ સ્પર્શ કર્યા હતા.

# કોઈની જીભ બોલે છે, કોઈનો સમય બોલે છે

૨૦

૨૫ની સાતમી માર્ચે એસ.પી. સુરેન્દ્ર પુષ્કર્ણાનો ઓપરેટર યજ્ઞેશ શેટ્ટી જ્યારે પીટરને ફોન કરી રહ્યો હતો, એ જ સમયે મુંબઈનો નવોદિત ફિલ્મ નિર્માતા-દિગ્દર્શક રાજેશ પંચમિયા, સિનેમેટોગ્રાફર કૃતિ બચીબેન અને આસિસ્ટન્ટ ડિરેક્ટર કમ પ્રોડક્શન કંટ્રોલર માઈકલ ડી’કોસ્ટા બરાબર ડાંગ દરબારની ઉજવણીના રૂટના નકશા સામે બેઠા હતા.

આ ટીમની બાજુમાં બેસેલો સ્થાનિક રખડું ભુરો ભીલ હથેળીમાં જોશભેર દેશી તમાકુ મસળતો હતો. રાજેશ અકળાઈને બોલ્યો, ‘ભુરાભાઈ, બધાને ફરી એક વાર સમજાવશો, પ્લીઝ.’

બેઠી દડીના અને મનસ્વી સ્વભાવના ભુરાને ગમ્યું નહિ રીપીટેશન કરવાનું. મોઢું બગાડીને એ ઊભો થયો, ‘કાય? હું થાયકો છું. કાલે મળીએ.’ ભુરો ભીલ કોઈની સામે જોયા વગર ચાલવા માંડ્યો પોતાના ચિંચલી ગામ જવા. રાજેશ પંચમિયાને ‘અપુન ઉસકુ સંભાલ લેગા, ડોન્ટ વરી મેન’ નો સધિયારો આપીને માઈકલ ડી’કોસ્ટા ભુરા ભીલની પાછળ દોડ્યો. ભુરાએ માઈકલને કોણીએ ગોળ નહિ, મહુડાનાં દારૂની લાલચ ચોંટાડી હતી. આમેય માઈકલનની આંખના પોપચા ત્રણ-ચાર પેગ જોયા વગર રાતે મિંચાતા નહોતા. બન્ને ભુરાની ઠાઠિયા બાઈક પર નીકળી પડ્યા ત્યારે જાણતા નહોતા કે આગળ શું થવાનું છે.

આ તરફ ડાંગ પર ડોક્યુમેન્ટરી બનાવવા મુંબઈથી આવેલા ડાયરેક્ટ પ્રોડ્યુસર રાજેશ પંચમિયાને જેને ફર્સ્ટ ટાઈમ સ્વતંત્રપણે સિનેમેટોગ્રાફી કરવાનો મોકો આપ્યો હતો એ કૃતિ બચીબેને સંભળાવી દીધું: ‘આવા માણસોને ટીમમાં પસંદ કર્યા? એ શું મદદરૂપ થવાના? મને કીધું હોત તો?’ રાજેશ પંચમિયા રોષમાં ઊભો થઈ ગયો. એ હળવેકથી બબડ્યો: ‘હા, ટીમની પસંદગીમાં લોચો થયો છે. સૌથી મોટી ભૂલ આ કૃતિની પસંદ કરવામાં થઈ લાગે છે. ખરેખર, સમજણ એટલે બે અણસમજુ વ્યક્તિઓ વચ્ચેનું સૌથી લાંબુ અને બે સમજુ વ્યક્તિઓ વચ્ચેનું સૌથી ટૂંકું અંતર. પણ આ કૃતિ નહિ સમજે એ બધું. એના ઈરાદા કંઈક ભળતા તો નહિ હોય ને?

**ક્રાઈમ કોડ**
**પ્રફુલ શાહ**

રાજેશ દૂર ગયો એટલે કૃતિએ વ્હોટસઅપ પર પોતાના સ્ટ્રગલર પ્રોડક્શન ડિઝાઈનર ભાઈ ચંદુને મેસેજ કર્યો : ‘ભઈલુ, તું રેડી છે ને? મિશન યાદ છે ને? ડાંગ આવવા નીકળી જા. એક સસ્તા આસિસ્ટન્ટ છોકરાને સાથે રાખજે. સી યુ ઈન મોર્નિંગ’ ચંદુ બચીબેને વોટ્સએપ કોલ કર્યો કોઈને. ‘મજ્જી, રાત કો દશ બજે બમ્બઈ સેન્ટ્રલ મિલના. સામાન સાથ રખના. તેરેકુ બોલા થા ના કામ કા.. વઈચ...ડાંગ જાને કા હય.’

મજ્જી ઉર્ફે મજીદ પોતાના બેકપેક પાસે ગયો. તેના પર ફેરવ્યો. ‘બોત ટેમ કે બાદ કામ મિલા...એકદમ ચ નયા એરિયા. ચલો બુલાવા આયા હય..’ તેણે મોબાઈલ ફોનમાં ખડવલી સ્ટેશનથી દાદરની ટ્રેનનો ટાઈમ જોયો. ‘ખડવલી સે દાદર એક ઘંટા ઔર ઉધર સે પંદરા મિનિટ બૌત ટેમ હય તો દો ક્વાર્ટર મારતે હય’. બહાર નીકળીને રૂમને તાળુ માર્યું ને ચાવી એલોવીરાના લટકતા કુંડામાં મૂકી. દરવાજાને હળવું ચુબન કરતા એ બોલ્યો, ‘ચિયર્સ. વાપસ મિલતે હય જલ્દી. બાય બાય પડધા.’ પડધા પાછા ફરવામાં ખૂબ લાંબો સમય લાગવાનો હતો ૨૨ વર્ષના મજીદને. સાંજે લગભગ છ વાગે આહવાથી અંદાજે ૨૦થી ૨૫ કિમીના અંતરે આવેલા ભુરા ભીલના ચિંચલી ગામની બહાર પાંચ જણા બેઠા હતા. કંઈક પ્લાનિંગ કરવા, પરફેક્ટ પ્લાનિંગ કરવા. પરંતુ આ પાંચેયને ખબર નહોતી કે દરેક વ્યક્તિ કંઈક ને કંઈક બોલે છે.




**પરંતુ આ પાંચેયને ખબર નહોતી કે દરેક વ્યક્તિ કંઇક ને કંઈક બોલે છે. ક્યારેક કોઈની જીભ બોલે છે, કોઈનો સમય બોલે છે, કોઈનો પૈસો બોલે છે, કોઈની ચાલાકી બોલે છે અને જીવનના અંતમાં ઈશ્વરના દરબારમાં માણસના કર્મ બોલે છે**

## (અતા-પતા-લાપતા -2)

ક્યારેક કોઈની જીભ બોલે છે, કોઈનો સમય બોલે છે, કોઈનો પૈસો બોલે છે, કોઈની ચાલાકી બોલે છે અને જીવનના અંતમાં ઈશ્વરના દરબારમાં માણસના કર્મ બોલે છે’. આ બધામાં મુખિયા જેવા લાગતા દાઢી અને મૂછધારી સેબાસ્ટીયન ગોન્સાલવિસે ઈમ્પોર્ટેડ સિગારેટ ઈમ્પોર્ટેડ લાઈટરથી પેટાવી.

હાથમાં પહેરેલા સાપના આકારના બ્રેસલેટને ગોળ ફેરવ્યું ને વીંછીના ચહેરો એમ્બોસ કરાવેલી વીંટી સામે પ્રેમથી જોયુ. પછી બે ઊંડા કસ ખેંચીને ઉપર હવામાં ધુમાડા ઉડાડ્યા. થોડી પળોની શાંતિ પછી તેણે સામે બેસેલા ચારેય સામે જોયું. ‘સમજી ગયા? નાની સરખી ભૂલ પણ ન થાય. આવો મોકો ફરી નહિ મળે. થઈ જાઓ માલામાલ. અબ દૂર નહિ ડાંગ દરબાર ફેસ્ટિવલ’

(ક્રમશ:)

